# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

**DATE : 07-03-2025 DAY: FRIDAY EVENING : 6.25 TO 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર <u>પરેશ મારૂં</u> વાંચે છે.

---

## PM – બે દિવસીય ગુજરાત મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સેલવાસ, દમણ, દીવ અને દાદરા અને નગર હવેલીમાં 2 હજાર 587 કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. શ્રી મોદીએ સેલવાસમાં 450 બેડવાળી નમો હોસ્પિટલ અને સંશોધન કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું. આ સાથે તેમણે કેન્દ્રશાસિત પ્રદેશમાં 1 હજાર 750 કરોડ રૂપિયાના 25 પ્રોજેક્ટ્સનું પણ ઉદ્ઘાટન કર્યું.

(બાઇટ : નરેન્દ્ર મોદી)

આ પ્રસંગે શ્રી મોદીએ 13 પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો, જેમાં દમણમાં 300 બેડની મારવાડ હોસ્પિટલના 4 બ્લોકનું બાંધકામ, ખાનવેલમાં સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, દમણમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગને પહોળો કરવા, 12 નવી શાળાઓનું નિર્માણ અને દમણ અને દીવમાં રસ્તાઓનો વિકાસનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ત્યારબાદ સુરતમાં રોડ શો યોજ્યો હતો.

આવતીકાલે, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, શ્રી મોદી નવસારીમાં 'લખપતિ દીદી સંમેલન'માં ભાગ લેશે.

---------------------------------------------------------------------------------

## રાહુલ ગાંધી ગુજરાત મુલાકાતે

ગુજરાતની મુલાકાતે આવેલા લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને પૂર્વ નેતાઓ સાથે બેઠક કરી હતી, ત્યારબાદ તેઓએ રાજકીય બાબતો, ફ્રન્ટલ સેલ ડિપાર્ટમેન્ટના વડા સાથે અને જિલ્લા-શહેરોના પ્રમુખો સાથે પણ બેઠક કરી હતી.શ્રી ગાંધી આવતીકાલે સવારે કોંગ્રેસના કાર્યકરો સાથે સીધો સંવાદ કરશે. સાથે જ કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશન અંગે પણ રાહુલ ગાંધી ચર્ચા કરશે.

---------------------------------------------------------------------------------------

## કચ્છ - મહિલા દિવસ

આવતીકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રાજ્યની સાથે જિલ્લામાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય યોગ બોર્ડ દ્વારા મહિલા શક્તિને વંદન કાર્યક્રમ અંતર્ગત ભુજમાં મહિલાઓનું સન્માન કરાશે. પ્રજાપત્તિ બ્રહ્માકુમારી ઇશ્વરિય વિશ્વ વિદ્યાલય ભુજ દ્વારા મહિલાઓ માટે વક્તવ્યનું આયોજન કરાયું છે. વિવિધ સંસ્થા,સમાજ અને સંગઠનો દ્વારા મહિલાઓ માટે યોગ, ગીત સંગીત, વક્તવ્ય અને આરોગ્ય તપાસણી સહિતના કાર્યક્રમો યોજાશે.

---------------------------------------------------------------------------------------

## લોકઅદાલત

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદનાં માર્ગદર્શન મુજબ આવતીકાલે શનિવારે જિલ્લાના તમામ તાલુકાઓની અદાલતોમાં રાષ્ટ્રીય લોકઅદાલત તેમજ સ્પેશિયલ મેજિસ્ટીરિયલ સિટિંગ યોજવામાં આવનાર છે જેમાં અદાલતમાં ચાલતા હોય તેવા તમામ સમાધાનલાયક સિવિલ તથા ફોજદારી કેસો મૂકવામાં આવશે.

આ ઉપરાંત એવા કેસો કે જે હજુ સુધી અદાલતમાં આવેલ નથી તેવા કેસો પણ આ રાષ્ટ્રીય લોક અદાલતમાં મુકાશે. લોકઅદાલતની વધુ માહિતી માટે જિલ્લા સ્તરે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, કચ્છ-ભુજ તથા તાલુકા સ્તરે કાનૂની સેવા સમિતિ,તાલુકા અદાલતનો સંપર્ક કરવા જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------

## પાન્ધ્રો - રાત્રી સભા

લખપતના પાન્ધ્રો ગ્રામ પંચાયત રાત્રી સભા જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના અધ્યક્ષસ્થાને મળી હતી. રાત્રી સભામાં મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ તાલુકાના વહીવટી તંત્રના અધિકારીઓ હાજર રહ્યા હતા. ગામમાં ખૂટતી સેવાઓ અંગે ઉપસ્થિતોએ આ તકે રજૂઆત કરી હતી. આ સિવાય પીએમ આવાસ યોજના, વેરા વસુલાત, શિક્ષણ, સહિતના પ્રશ્નોની પણ ચર્ચા કરાઈ હતી.

---------------------------------------------------------------------------------------

## માંડવી – માછીમારો માટે સેમીનાર

માંડવી તાલુકાના માછીમારો માટે એક સેમિનારનું આયોજન કરાયું હતું. ટાટા પાવરના સહયોગથી સ્વદીપ સંસ્થા દ્વારા સાગર બંધુ કાર્યક્રમ અંતર્ગત આ વર્કશોપ યોજાયો હતો. આ કાર્યક્રમમાં માછીમારોને કેસીસી લોન, સરકારની સી-વીડ યોજના અંગે જાણકારી અપાઇ હતી. સાથે સાથે મહિલાઓ માટેની વિવિધ યોજનાઓ અંગે પણ સમજણ આપવામાં આવી હતી. NFDP કાર્ડ અને પોર્ટલ વિશે માહિતી આપીને માછીમારોને તેમાં રજિસ્ટ્રેશન કરાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. મદદનીશ મત્સ્ય ઉદ્યોગ અધિક્ષક એમ.બી. દાફડાએ માછીમારોને માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## લખપત - સંકલન સમિતિ ની બેઠક :

લખપત તલુકા પંચાયત ખાતે તાલુકા સંકલન સમિતિની બેઠક મદદનીશ કલેકટર શ્રી સુસ્મિથાના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. તાલુકા પંચાયત પ્રમુખ દયાબા જાડેજાએ વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા. જેમાં ખેડૂતોને વીજ કનેકશનની મંજૂરી, ગૌવંશની જમીન માપણી, આરોગ્ય, પાણી, ઉદ્યોગોના વેરા અને માર્ગ સહિતના કામોના પ્રશ્નોનો સમાવેશ થાય છે. બેઠકમાં તાલુકા પંચાયતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

-------------------------------------------------------------------------------------

## સરકારી આયુર્વેદ હોસ્પિટલ, ભુજ ખાતે સુવર્ણપ્રાશન કેમ્પ

સંસ્કૃતિ આર્ય ગુરૂકૂલમ રાજકોટના સંયુક્ત ઉપક્રમે સરકારી આયુર્વેદ હોસ્પિટલ, ભુજ ખાતે 10 માર્ચના સુવર્ણપ્રાશન કેમ્પ યોજાશે. જેમાં જન્મથી ૧૨ વર્ષની ઉંમર સુધીના બાળકોના શારીરિક તથા માનસિક વિકાસ અર્થે સુવર્ણપ્રાશનનાં સવારે સાડા આઠથી સાડા બાર અને સાંજે સાડા ચારથી સાડા પાંચ દરમિયાન નિ:શુલ્ક પીવડાવામાં આવશે. કુપોષિત અને નબળા બાળકો તથા લોહીની ઉણપ ધરાવતા બાળકોને શક્તિવર્ધક અને હોમિયોપેથી દવાનું નિ:શુલ્ક વિતરણ કરાશે

-------------------------------------------------------------------------------------